**વડીલોને વંદન**
**અભિનંદન**



મુનાવરખાન એસ. પઠાણ
(૧૯૪૧)મો.૯૮૨૫૦૦૮૪૩૦

# વીજળીના ભાવ વધારવાની માંગ સામે ભાવ નિયમન પંચને રજૂઆત

## ટોરેન્ટે પ્રતિ યુનિટ રૂ. ૧.૩૮ નો ભાવ વધારો માંગ્યો : ભાવ વધારો મંજૂર ન કરવા મહામંડળની રજૂઆત

ગાંધીનગર, તા.૨૩

ટોરેન્ટ પાવર દ્વારા વીજ ભાવમાં પ્રતિ યુનિટ રૂ. ૧.૩૮ નો વધારો થાય તેવી સંભાવના છે. પાવર કંપની હાલ પ્રતિ યુનિટના રૂ. ૮નો ભાવ વસુલે છે જ્યારે તેમાં રૂ. ૧.૩૮ પૈસાના વધારાની માંગણી થતા આ મામલે ભાવ નિયમન પંચ સમક્ષ રજૂઆત કરી છે. જેમાં ગુજરાતના ઉદ્યોગો આગળ વધારવા હોય તો આ ભાવવધારાને મંજૂર ન કરવા પણ જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર ટોરેન્ટ પાવર કંપની દ્વારા હાલ વીજળીના પ્રતિ યુનિટ રૂ.૮નો ભાવ વસુલવામાં આવે છે. જ્યારે યુનિટના ભાવમાં રૂ. ૧.૩૮ પૈસાના વધારાની માંગણી પણ કરી છે. વીજ નિયમન પંચે આ અંગે સૂચનો અને વાંધા સૂચનો પણ મંગાવ્યા હતા. ટોરેન્ટ પાવર અસ્તિત્વમાં આવ્યા બાદ ૬ વર્ષ સુધી કોઈ પણ પ્રકારનો ભાવવધારો કરાયો ન હતો. જ્યારે હવે દર વર્ષે ભાવ વધારો કરવામાં આવે છે. ટોરેન્ટ પાવર કંપની ભીવન્ડી અને નોઈડામાં જે ખોટ કરે છે તેની વસુલી ગુજરાતમાં કરવા ભાવ વધારો ઝીંકવામાં આવતો હોવાની નીતિ અપનાવાય છે. તેમણે જણાવ્યું હતું કે કંપનીએ વીજળીના યુનિટમાં વર્ષ ૨૦૦૧થી ૨૦૦૭ દરમિયાન કોઈ વધારો માંગ્યો ન હતો હાલની સ્થિતિએ સમગ્ર ભારતમાં ગુજરાતમાં વીજળીના ભાવ સૌથી વધુ છે. ગેસ આધારિત પ્રોડકશનની કોસ્ટ પણ ઉંચી હોવાથી પણ આ મામલે વિસંગતતા સર્જાઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ગુજરાતમાં કંપની માતબર નફો કરતી હોવા છતાં છાશવારે ભાવ વધારાની માંગણી કરવામાં આવે છે. આ અંગે શહેર વસાહત મહામંડળ દ્વારા ભાવ નિયમન પંચ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીઝને આગળ વધારવી હોય તો વીજળીના આ ભાવમાં વધારો કરવો જોઈએ નહી તેમ પણ જણાવાયું છે.



# ભારત જન વિજ્ઞાન જાથાની સભ્ય નોંધણી ઝુંબેશ

ગાંધીનગર, તા. ૨૩

વિજ્ઞાન-પ્રચાર-પ્રસાર વૈજ્ઞાનિક અભિગમ દૃષ્ટિકોણ સાથે અંધશ્રધ્ધા નિર્મૂલનનું કામ કરતી સંસ્થા 'ભારત જન વિજ્ઞાન જાથા'એ રાજ્યવ્યાપી સદસ્ય નોંધણી ઝુંબેશ શરૂ કરી છે.

૧૯૮૭, ૧૯૯૦, ૧૯૯૨માં વિજ્ઞાનજાથાના કાર્યક્રમો મોટા પ્રમાણમાં કરવામાં આવ્યા હતા. તા. ૩૧મી માર્ચ સુધીમાં સભ્યપદ મેળવવા માટે રૂા. ૧૦/-ની પોસ્ટેજ ટિકીટ બે પાસપોર્ટ સાઈઝના ફોટા મોકલાવી સંપર્ક નં.૯૮૨૫૨ ૧૬૬૮૯છે.

# ઊંઝામાં આધાર કાર્ડની કામગીરી શરૂ ન થતાં લોકો મુશ્કેલીમાં

ઊંઝા, તા. ૨૩

ઊંઝા તાલુકામાં કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલ આધારકાર્ડ અંગે હજી સુધી કોઈ કામગીરી શરૂ ન થતાં આધારકાર્ડ વિના લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારે રાંધણગેસના ઘરેલું વપરાશના બાટલાઓની સબસીડી ગેસ ધારકના બેંકના ખાતામાં સીધી જમા કરવાનો નિર્ણય લઈને મહેસાણા જિલ્લામાં તેનું અમલીકરણ કરવાની જાહેરાત કરી છે. જે મુજબ રાંધણગેસના ઘરેલું બાટલાઓનું જોડાણ ધરાવતા નાગરિકોને આધારકાર્ડ મેળવવું ફરજીયાત થઈ પડ્યું છે ત્યારે ઊંઝા તાલુકામાં હજી સુધી આધારકાર્ડની કોઈ કામગીરી શરૂ કરવામાં આવી નથી. પરિણામે નાગરિકો મામલતદાર કચેરીમાં ધક્કા ખાઈ રહ્યા છે. આમ આધારકાર્ડની કામગીરી વિલંબમાં પડતાં લોકોની મુશ્કેલી વધી ગઈ છે.

# બાયડ પોલીસ ડીઝલ ચોર ગેંગને પકડવામાં નિષ્ફળ : પ્રજામાં રોષ

બાયડ, તા. ૨૩

સાબરકાંઠા જીલ્લાનો બાયડ તાલુકો ક્વોરી ઉદ્યોગો માટે જાણીતો છે જ્યારે આ ક્વોરી ઉદ્યોગોને લઈને ટ્રાન્સપોર્ટનો પણ બીઝનેશ સારો એવો છે ત્યારે અત્યારે બાયડ શહેર માં રાત્રે પાર્ક કરેલી ટ્રકોમાંથી ડીઝલ ચોરી કરવાના બનાવો માં વધારો થવા પામ્યો છે.

થોડા દિવસો પહેલા પણ રડોદરાના રહીશ હર્ષદભાઈના ટ્રકમાંથી પહેલા પણ ૭૫૦ લીટર ડીઝલ ચોરાયુ હતુ ત્યારે આજ સુધી પણ એ ડીઝલની તસ્કરી કરતી ગેગ બાયડ પોલીસના હાથમાં આવી નથી ત્યારે ગઈકાલે રાત્રે પણ ફરીથી હર્ષદભાઈના મોડાસા રોડ ઉપર આવેલ ઓફીસે ગાડી પાર્ક કરેલી હતી ત્યારે અંધારાનો લાભ લઈ તસ્કરો ગઈ રાત્રે પણ ૨૫૦ લીટર ડીઝલની ચોરી કરી હતી. જ્યારે આ વધતા જતા ડીઝલ ચોરીના બનાવો સામે પોલીસનું રાત્રી પેટ્રોલીગની પોલ ખુલી જવા પામી છે. જ્યારે ટૂંક સમયમાં જ આ ડીઝલ ચોર ગેગ નહી ઝડપવામાં આવે તો બાયડના વહેપારીઓ દ્વારા ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.



(તસવીર : સમીર બલોચ, બાયડ)

## ત્રણ દિવસ પહેલા મળેલા મહિલાના મૃતદેહની ઓળખ થઈ નથી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સર્કલથી ચિલોડા તરફ જતા રોડની જમણી બાજુએ આવેલ પતરાની ઓરડીની નજીક સાબરમતી નદીના કોતરોમાંથી એક અજાણી સ્ત્રીનો મૃતદેહ તા. ૧૯-૨-૧૩ સાંજના ૫.૦૦ કલાકે મળી આવ્યો હતો. મરનાર સ્ત્રી શરીરે પાતળા બાંધાની રંગે શ્યામવર્ણ છે. ઉ.વ. ૪૫ થી ૫૫ આશરે તેમજ મરનારે શરીરે કાળા રંગનો બ્લાઉઝ તથા જાંબલી રંગનો ચણિયો અને મૃતદેહ નજીકથી વાદળી બોર્ડરવાળી લાલ ફુલ ભાતની સાડી તથા લાલ રંગનું સ્વેટર મળ્યું હતું. અને ડાબા કાનમાં સફેદ ધાતુની બે વાળી પહેરેલ હતી. મૃતકની હજુ સુધી ઓળખ થઈ શકી નથી.



ઓઢવ વિશ્વકર્મા મંદિરમાં વિશ્વકરમા જયંતિ નિમિત્તે ૧૧૧૧૧ દિવાની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતુ.





# દ્વી-ચક્રી વાહનો માટે ૮ માર્ચથી જીજે-૧૮-સી.ડી.ની સીરીઝ શરૂ થશે

## પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૩

આર.ટી.ઓ. કચેરી દ્વારા આગામી તા. ૮ માર્ચથી દ્વી-ચક્રી વાહનો માટે જીજે-૧૮-સી.ડી. ની નવી સીરીઝ શરૂ કરવામાં આવશે. નવી સીરીઝોમાં પસંદગીના નંબરો મેળવવા ઈચ્છતા અરજદારો માટે ૮ માર્ચના રોજ બપોરે ૧૨ કલાકે જાહેર હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ આ અંગે જણાવ્યા અનુસાર આર.ટી.ઓ. કચેરીમાં મોટર સાયકલના નંબરો માટે આગામી તા. ૮ માર્ચથી જીજે-૧૮-સી.ડી.ની નવી સીરીઝ ચાલુ થશે. હાલ જી.જે.-૧૮ સી.ડી.ની સીરીઝ ચાલુ છે. નવી સીરીઝ અન્વયે પસંદગીના નંબરો મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને તા. ૬ થી ૭ માર્ચ દરમિયાન આર.ટી.ઓ. કચેરીમાં અરજી કરવાની રહેશે. વાહનોની નોંધણી કર્યા બાદ ૩૦ દિવસમાં જ પસંદગીના નંબર માટે અરજી કરી શકાશે તેમ પણ જણાવ્યું છે. વાહનમાલિકોએ તેમની અરજી સાથે નેશનલાઈઝ રાષ્ટ્રીયકૃત બેંકમાંથી તેઓ જેટલી રકમ ભરવા માંગતા હોય તેટલી રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવીને અરજી સાથે બંધ કવરમાં આપવાનો રહેશે. જે અરજદારે સૌથી વધુ ફી ડીમાન્ડ ડ્રાફ્ટ મારફતે ભરપાઈ કરી હશે તેની અરજી માન્ય રાખવામાં આવશે. કંપનીના નામે વાહન રજીસ્ટર્ડ થયું હોય તેવા કિસ્સામાં કંપનીના પ્રતિનિધિએ લેખિત મંજૂરી સાથે હાજર રહેવાનું રહેશે. હરાજીની પ્રક્રિયા તા. ૮ માર્ચના રોજ આર.ટી.ઓ. કચેરી ખાતે યોજાશે.

# ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સેનેટની ચૂંટણીનું આજે મતદાન

## અમદાવાદમાં ચાર અને બહારગામના ૪૬ કેન્દ્રો પર કુલ ૨૮૭૭ મતદારો મતદાન કરશે

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની આઠ બેઠકો માટેની ચૂંટણીનું આવતીકાલે તા. ૨૪મીને રવિવારે મતદાન યોજાશે. આ મતદાન અમદાવાદમાં ચાર કેન્દ્રો પરથી અને બહારગામના ૪૬ કેન્દ્રો પરથી થશે. જેમાં કુલ ૨૮૭૭ મતદારો છે. આ મતદારો સવારે ૧૧ થી સાંજે ૫.૦૦ કલાકે દરમિયાન મતદાન કરશે. ગુજરાત યુનિ.ની વિદ્યાર્થી સેનેટની કુલ ૧૦માંથી આઠ બેઠકો માટેની ચૂંટણી ભારે રસાકસીભરી બની છે.

આ ચૂંટણી એબીવીપી અને એનએસયુઆઈ માટે પ્રતિષ્ઠાનો જંગ બની છે. ચૂંટણી પ્રચારનો આજે છેલ્લો દિવસ હતો માટે બંનેએ એડીચોટીનું જોર લગાવીને દરેક પ્રકારે હાઈટેક સોશિયલ મિડિયાના સહારે તથા એસએમએસ દ્વારા લાઈવ સંપર્કમાં રહીને પ્રચાર કર્યો હતો. અને પોતાની પાંખને વધુ બેઠકો મળે તેવા પ્રયત્નો કર્યા હતા. ભાજપ-કોંગ્રેસના અગ્રણીઓ પણ પોતાના પક્ષની વિદ્યાર્થી પાંખને ચૂંટાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

આવતીકાલે યોજાનારું મતદાન અમદાવાદમાં નારાયણ ગુરુ, એચ. કે. કોલેજ, સીયુ શાહ લાલ દરવાજા અને નવગુજરાત એમ કુલ ચાર મતદાન કેન્દ્રો પરથી યોજાશે. તથા બહારગામના ૪૬ કેન્દ્રો પરથી તેનું મતદાન થશે. આ ચૂંટણીમાં કુલ મતદારો ૨૮૭૭ છે. જેમાં અમદાવાદના ૧૬૦૭ મતદારો અને બહારગામના ૧૨૭૦ છે. આ ચૂંટણીમાં કેટલાક મતદારોના આઈકાર્ડ જપ્ત કરવાની ફરિયાદ યુનિ. સત્તાધીશોને મળી છે ત્યારે આવતીકાલે આ મતદાનના કેન્દ્રો પર કોઈ પ્રકારે અવ્યવસ્થા કે અઘટીત બનાવ ન બને તે માટે ઘણા બધા અધ્યાપકોને તે માટે વ્યવસ્થાની તથા ચૂંટણીની કામગીરી સોંપવામાં આવી છે. સાથે જ દરેક કેન્દ્રો પર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. જેનાથી મતદાન કેન્દ્રો પર કોઈપણ જુથ દ્વારા કોઈ જાતની ગરબડ કે ગેરરીતિ ન થાય અથવા તેને રોકી શકાય તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ મતદાનની ગણતરી સેનેટ હોલમાં તા. ૨૬મીને મંગળવારે બપોરે ૩.૦૦ વાગ્યા પછી યોજાશે તથા તેનું પરિણામ પણ સાંજ સુધીમાં જાહેર કરી દેવામાં આવશે.

# ઈશરત કેસમાં સીબીઆઈએ તરૂણ બારોટની ધરપકડ કરી

## આઈપીએસ અધિકારી સિંઘલની ધરપકડના બે દિવસ બાદ વધુ એક અધિકારી તરૂણ બારોટની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૨૩

ઈશરત જહાં કેસમાં ધરપકડનો સીલસીલો યથાવતરીતે જારી રહ્યો છે. આઈપીએસ ઓફીસર જીએલ સિંઘલની હાલમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ આજે સીબીઆઈએ એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ તરૂણ બારોટની ધરપકડ કરી લીધી હતી આની સાથે ઈશરત જહાં કેસમાં એક પછી એક અધિકારીઓની ધરપરકડ કરવાનો સીલસીલો શરૂ થઈ ગયો છે. સિંઘલની ધરપકડ બાદ સીબીઆઈએ આ કેસમાં નિવત્ત ડીએસપી જેજી પરમારની ધરપકડ કરી હતી. જેજી પરમાર વર્ષ ૨૦૦૩ના સાદિક જમાલ એન્કાઉન્ટર કેસના પણ આરોપી છે. સીબીઆઈએ ટ્રન્સફર વોરન્ટના આધારે ધરપકડ કરી છે. આજે પરમારના ૧૪ દિવસના રિમાન્ડ નામંજુર થતા તેમને કસ્ટડીમાં લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સીબીઆઈએ ઈશરત કેસમાં ત્રણ દિવસ પહેલા જ જેએલ સિંઘલની ધરપકડ કરી હતી ત્યારથી જ એમ માનવામાં આવી રહ્યુ હતુ કે તરૂણ બારોટની પણ ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર ઈશરત જહાં બનાવટી એન્કાઉન્ટર કેસના મામલામાં ૨૧મી ફેબ્રુઆરીના દિવસે સીબીઆઈએ આઈપીએસ ઓફીસર જીએલ સિંઘલની ધરપકડ કરી હતી. ૧૯ વર્ષિય સાયન્સની વિદ્યાર્થિની ઈશરત અને તેના ત્રણ સાથીઓને ૧૫મી જૂન ૨૦૦૪ના દિવસે એક બનાવટી એન્કાઉન્ટરમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા ઠાર મારી દેવામાં આવ્યા હતા. પોલીસે એ વખતે કહ્યુ હતુ કે ઈશરત, જાવેદ શેખ ઉર્ફે પ્રણેશ પિલ્લાઈ, અમજદઅલી રાણા અને જિસાન જોહર લશ્કરે તોયબાના સભ્યો હતા અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવાના ઈરાદેથી આવ્યા હતા. વરિષ્ઠ આઈપીએસ ઓફીસર સહીત ૨૦ પોલીસ અધિકારીઓની આ બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીધી રીતે સંડોવણી રહેલી છે. સપ્ટેમ્બર ૨૦૦૯માં અમદાવાદ મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ એસપી અધિકારીઓ સામે કેસ દાખલ કરવા માટે તેમણે સૂચના આપી હતી. ઓગસ્ટ ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી ખાસ તપાસ ટીમને ઈશરત કેસ પોતાના હાથમાં લેવા ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો હતો.

સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર આરકે રાઘવનના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ખાસ તપાસ ટીમ બનાવવામાં આવી હતી. વિશ્વસનિય સૂત્રોનું કહેવું છે કે હજુ વધુ કેટલાકની ધરપકડ થઈ શકે છે.

# ઈશરત કેસમાં પરમારના ૧૪ દિવસના રિમાન્ડ મંજુર ન થયા

અમદાવાદ, તા.૨૩

દેશભરમાં ચકચાર મચાવનાર ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંડોવાયેલા જેજે પરમારની સીબીઆઈએ ટ્રાન્સફર વોરન્ટના આધારે ધરપકડ કરી આજરોજ સીબીઆઈ કોર્ટમાં રજુ કરી ૧૪ દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. પરંતુ સીબીઆઈ જજે જેજે પરમારના રિમાન્ડ નામંજુર કરી તેને કસ્ટડી કરવાનો હુકમ કર્યો છે.

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં જીએલ સિંઘલની ધરપકડ બાદ ગઈકાલે સીબીઆઈએ એન્કાઉન્ટર કેસમાં મહત્વના આરોપી જેજે પરમારની ટ્રાન્સફર વોરન્ટના આધારે ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા જેજે પરમારને આજ રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી.
સીબીઆઈના વકીલે દલીલ કરતા કહ્યુ હતુ કે ઈશરત જહં એન્કાઉનટ્ર કેસમાં જેજે પરમારે મહત્વની ભૂમિકા નિભાવી હોવાથી તેમજ તેણે એન્કાઉન્ટરમાં વાપરેલ ગનની રિકવરી હોવાથી તેના ૧૪ દિવસના રિમાન્ડ આપવા જોઈએ. પરંતુ જેજે પરમારના વકીલે પણ સામે દલીલ કરતા કહ્યુ હતુ કે સીબીઆઈ દ્વારા જે અર્થે ધરપકડ કરવામાં આવી છે તેની કોઈ સ્પષ્ટતા થતી નથી તેમજ રિમાન્ડ અર્થે પૂરતા કારણો પણ નથી તેથી તેમના રિમાન્ડ નામંજૂર કરવા જોઈએ. સીબીઆઈ કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળી જેજે પરમારના રિમાન્ડ નામંજુર કરી કસ્ટડી કરવાનો હુકમ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેજે પરમાર ઈશરત જહાં અને સાદિક જમાલ એન્કાઉન્ટરમાં આરોપી છે.


### ખાસ ઝુંબેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તબક્કામાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ૧૨૦૦થી વધુ અરજીઓ ૧૭મીની ખાસ ઝુંબેશ દરમ્યાન તંત્રને મળી હતી. જો કે એ દિવસે ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી હોવાથી તંત્રએ ત્રણ તાલુકામાં જ તેનું ધ્યાન કેન્દ્રીત કર્યું હતું.

જિલ્લા તંત્ર દ્વારા આ બન્ને ઝુંબેશને લઈ આયોજન પુરેપુરી કરી દેવામાં આવ્યું છે. પલ્સ પોલિયો અભિયાનમાં ચાર હજાર જેટલા કર્મચારીઓ ફરજ બજાવશે જ્યારે મતદાર સુધારણા અભિયાન દરમ્યાન પણ ૨૫૦૦ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ જોડાશે.

ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયોના પ્રથમ રાઉન્ડમાં સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો પરંતુ આ રાઉન્ડમાં પણ એટલી જ સારી કામગીરી થાય તેના પર તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ માટે જિલ્લાના અધિકારીઓને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

# શબ્દાવલી - ૪૯૮૮



**આડી ચાવી**

૧. ચાપલુસી, ગુલામી (૫)
૪. રાણી કૈકયીની ખાસ દાસી (૩)
૫. મહેમાન જાય ત્યારે આપણે... કહીએ છીએ (૩)
૭. સંભાવના (૨)
૮. નાનું ટોળું (૩)
૯. અંત, છેડો (૨)
૧૧. વ્હાલી, લાડલી (૩)
૧૨. રાજાના નગરજનો, તેની... કહેવાય (૨)
૧૩. નમેલુ (૨)
૧૪. ટાલવાળો (૨)
૧૬. એક ચોપગુ પ્રાણી (૩)
૧૮. ઠસ્સો, દોર (૩)
૧૯. તરબોળ (૫)

**ઊભી ચાવી**

૧. ખુનામરકી (૪)
૨. બાર ગામે... બદલાય (૨)
૩. આધાર વિનાનું (૪)
૪. વાંદરૂં (૨)
૬. જોડ, પેર (૨)
૭. વકીલ કરે તે... (૪)
૯. ખીસ્સા કાતરૂં (૫)
૧૦. એસિડ (૩)
૧૨. આરત પછી સીંગ-સાકરીયા વગેરે આપે તે (૩)
૧૫. જાતિ, જ્ઞાતિ (૨)
૧૭. મગ્ન, તલ્લીન (૨)
૧૮. પૂર્વ જન્મમાં કરેલું દાનપુણ્ય (૨)

**શબ્દાવલી ૪૯૮૭ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ઘાલમેલ (૫) તસર (૬) શંકાશીલ (૯) સંકટ (૧૦) બાકોરૂ (૧૧) વાડી (૧૨) સંચા (૧૩) આચાર્ય (૧૪) ફર્જ (૧૫) નકસલ (૧૭) ચાર (૧૮) રોનક (૧૯) કતીક

**ઊભી ચાવી :-** (૧) ઘાત (૨) લસરકો (૩) મેર (૪) ખુશી (૬) શંકરાચાર્ય (૭) કાટ (૮) લગડી (૧૦) બારદાન (૧૧) વારાફરતી (૧૨) સંચાલક (૧૩) આસન (૧૬) કરો (૧૭) ચાક

**ટચૂકડી જાહેર ખબર**

**ફ્લેટ ભાડે આપવાનો છે**

પ્લોટ નં. ૨૬૫/૩, આયુર્વેદિક દવાખાના સામે, સેક્ટર-૨૯, બે-બેડરૂમ, હોલ, કીચન, પ્રથમ માળ (કોલેજની વિદ્યાર્થીનીઓને અગ્રતા)

સંપર્ક : ૯૬૨૪૦ ૪૦૯૯૪
૯૪૨૮૪ ૧૯૮૧૩
૯૭૧૨૫ ૭૮૫૫૪